Volume-5, Issue-01, January 2018 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# અમર્ત્ય સેનના ક્ષમતા અને વિકાસના અભિગમના સંદંભે: ગુજરાતમાં વિકસીત અને વિકસતા વિસ્તારનાપડકારો

## (આણંદ અને છોટાઉદેપુર જિલ્લાનો તુલનાત્મક અભ્યાસ)

મણીલાલ આર. પટેલ

અર્થશાસ્ત્ર વિભાગ,

લીબડી કોલેજ.

ટુંકસાર:

આજના યુગમાંશિક્ષણ એ માનવ મૂડીરોકાણ અથવા માનવમૂડી સર્જનની પ્રક્રિયા છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ હાંસલ કરીને વ્યક્તિ વધુ આર્થિક ઉત્પાદક પ્રવૃત્તિઓ સાથે સંકળાયને વધારે આર્થિક ઉત્સર્જન કરી બહેતર સમાજની રચના કરે છે. સાથે-સાથે વ્યક્તિ વધારે આવક પ્રાપ્ત કરતી હોય તે તેના જીવનધોરણમાં પણ સુધારો લાવતી હોય છે. શિક્ષણ એ માત્ર અર્થોપાર્જન દ્વારા આવક સર્જન કરીને પોતાની અને સમાજની ભૌતિક સુખાકારીમાં વધારો કરે છે. તેમ નથી પરંતુ વ્યક્તિ શિક્ષણ દ્વારા ઉચ્ચ સામાજિક, સાંસ્કૃતિક અને નાગરિક માનવમૂલ્યોના સંવર્ધન થકી જ્યાં એક બાજુ તે બહેતર નાગરિક પુરવાર થાય છે. આમ, શિક્ષણ એ વ્યક્તિ અને સમાજવિકાસમાં પાયાની ભૂમિકા ભજવે છે. શિક્ષણના કારણે સમાજમાં ભૌતિક, આર્થિક સુખાકારીમાં વધારો કરે છે.કોઈપણ રાષ્ટ્રના લોકોનું જીવનધોરણ સુધારવા માટે શિક્ષણ પર ભાર આપવો ખૂબ જ જરૂરી છે. શિક્ષણથી આર્થિક પ્રગતિ અને વિકાસ પણ સાધી શકાય છે. ગુજરાતમાં અક્ષરજ્ઞાન સામાજિક-આર્થિક પ્રગતિ સાધવા માટે શિક્ષણ મહત્વપૂર્ણ છે. ગુજરાત રાજ્યમાં2011ના સેન્સેસ પ્રમાણે પુરુષોનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ 85.75 ટકા અને સ્ત્રીઓમાં69.68 ટકા જેટલો છે. શિક્ષણ,આરોગ્ય,ખાદ્ય વસ્તુ, સામાજિક પ્રસંગોની પાછળ કરવામાં આવેલ મૂડીરોકાણ, વ્યક્તિની સક્ષમતા અને વિકાસ માટે બેંકનો ઉપયોગ કરતા કુટુંબો, બાળકોને ખાનગી કે સરકારી શાળામાં અભ્યાસ કરવાની તકો પણ સક્ષમતા અને વિકાસને અસર કરતા પરીબળો ગણાવી શકાય છે અને આ ઉપરોકત પરીબળોમાં તફાવત હોવાથી જુદા-જુદા સમાજ અને વિસ્તારોમાં વ્યક્તિઓ, કુટુંબોની કાર્યકરવાની ક્ષમતા અને આર્થિક વિકાસમાં તફાવત જોવા મળે છે જે અમર્ત્ય સેનના માપદંડોના આધારે પછાત અને વિકસીત વિસ્તારમાં વૈજ્ઞાનિક પ્રદ્ધતિઓનો ઉપયોગ કરી સંશોધન કાર્ય કરવામાં આવ્યુ છે.

### 1.1. સંશોધનની પૂર્વભુમિકા અને પરીચય:

અમર્ત્ય સેન નું અર્થશાસ્ત્ર બૃહદ સ્વરૂપમાં વિકાસ અને કલ્યાણનું અર્થશાસ્ત્ર છે. જેમ ગાંધીવિચારનો સંદર્ભ 'છેવાડાનો માનવી'રહ્યો છે. તેમ અમર્ત્ય સેન નાં વિચારોનો સંદર્ભ પણ 'છેવાડાનો માનવી'જ છે. ગાંધી પાયાની જરૂરિયાતોને મહત્વની ગણે છે . જ્યારે અમર્ત્ય સેન ક્ષમતાઓનો નિર્માણના સંદર્ભમાં પાયાની જરૂરિયાતને સ્વીકારે છે

કેન્દ્રિત આયોજનના સમયગાળા દરમ્યાન ભારતમાં વિકાસની અવનવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવીતેને લીધે અર્થશાસ્ત્રીઓ એમ માનતા રહ્યા કે વિકાસના ફળ'નીચે તરફનું ઝમણ'(tickle down theory)ના સ્વરૂપે સમાજના નીચલા વર્ગોમાં આપોઆપ વહેંચાશે પરંતુ આ એક ભ્રમણા સાબિત થઈ. આ કેન્દ્રિત આયોજનમાં રહેલી કચાશતા અને મર્યાદાઓને લીધે વિકાસની સાથે સાથે નવી નવી સમસ્યાઓ જેમ કે ગરીબી, બેકારી, આર્થિક અસમાનતા, લાભોની અસમાન વહેંચણી, તકની અસમાનતા વગેરે ઉપસ્થિત થતા ગયા

અમર્ત્ય સેન નો સક્ષમતા અભિગમ બીજા શબ્દોમાં માનવ વિકાસ અભિગમ છે . જે આવકની અસમાનતા અને ગરીબીને 'નબળી સક્ષમતા'સંદર્ભે મૂલવે છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે વ્યક્તિનું કલ્યાણ એટલે તૃષ્ટિગુણનું મહત્તયીકરણજે આર્થિક વૃદ્ધિ અને આવક દ્વારા અને વધતી આવક વધુ જરૂરીયાતોની પૂર્તિ વ્યક્તિની સક્ષમતાનું સર્જન ન થતું હોય તો તે વ્યક્તિ કરતા નીચી આવક પ્રાપ્ત કરશેએને અલ્પ સાધનોના ઉપયોગ થકી તેનો તૃષ્ટિગુણ નીચો રહેશેજે વિકાસ નથી એમ અમર્ત્ય સેન માને છે

અમર્ત્ય સેન નું અર્થશાસ્ત્ર બૃહદ સ્વરૂપમાં વિકાસ અને કલ્યાણનું અર્થશાસ્ત્ર છે. જેમ ગાંધીજી માટે સત્ય અને અહિંસા એક જ સિક્કાની બે બાજુઓ સમાન છે. તેમ અમર્ત્ય સેન માટે વિકાસ અને કલ્યાણની બાબતમાં સાચું છે. ભારતના વિશેષ સંદર્ભમાં આ અંગે અમર્ત્ય સેન ને ચિંતા છે.

વિકાસ અને કલ્યાણ સંબંધી અમર્ત્ય સેન ના વિચારોનો એક નિયત સંદર્ભ છે. જેમ ગાંધીવિચારનો સંદર્ભ 'છેવાડાનો માણસ' રહયો છે. તેમ અમર્ત્ય સેન ના વિચારોમાં પણ માણસ જ છે. આથી અમર્ત્ય સેન માટે વિકાસનું અર્થશાસ્ત્ર માનવવિકાસનો વિષય છે. આવા વિકાસને અસર કરતી જે કોઈ બાબત હોય તે અમર્ત્ય સેન ને સ્વીકાર્ય છે.

લોકોની પાયાની જરૂરીયાતોની વાત મહત્વની છે. લોકોની બધી ક્ષમતાઓ શતોષાવી એ શક્ય નથી. આથી અગત્યાક્રમ નક્કી કરવો પડે છે. પાયાની જરૂરીયાતોમાં પોષણ, આરોગ્ય, આવાસ, પાણી, પ્રાથમિક શિક્ષણ વગેરે ચીજોની લઘુત્તમ પ્રાપ્તી જરૂરી છે. રાજય નક્કી કરે કે પાયાની લઘુત્તમ જરૂરીઆતો બધાને મળવી જોઈએ. આ બધી વિકાસની વાતોમાં ક્ષમતાઓ અને સ્વાતંત્રની વાત પાયાની છે. અમર્ત્ય સેન સ્વાતંત્રને જ વિકાસનો પાયો ગણે છે. આથી નાગરીક અધિકારોનું મહત્વ વધી જાય છે. જો નાગરીક સ્વાતંત્રના હોય કે ઉણપભર્યુંજીવન હોય તો કેટલે અંશે રાજયતંત્ર નિષ્ફળ છે. તે માનવું રહીયુ. લોકો પોતાના જીવન માટે જેને મૂલ્યવાન ગણે છે. તેવી વસ્તુઓ મેળવવાનું સ્વાતંત્ર્ય એ જ વિકાસ છે. લોકો જે સ્તરે (જેમ કે ગામડાનું) જીવન જીવે છે. તે સ્તરે નિર્ણય લેવાનો તેમને સ્વાતંત્ર્ય હકમળવો લોકશાહી વિકાસ માટે મૂળભૂત જરૂરીયાત છે.

## 1.2. અમર્ત્ય સેનના સક્ષમતા અભિગમના માપદંડો-

સ્વતંત્રતા અને વિકાસના સંદર્ભમાં સેને જે માપદંડો આપ્યા છે . તેનાથી વ્યક્તિની સક્ષમતાનો વિકાસ થાય છે . આ સંદર્ભે પ્રશ્ન અભ્યાસમાં સક્ષમતાના સર્જનમાં સેને આપેલ આ માપદંડો અભ્યાસ માટે લેવામાં આવે છે . ઉપરાંત વિવિધ તજજ્ઞોએ આપેલ આર્થિક માપદંડોની પણ પસંદગી કરી તેનો અભ્યાસ કર્યો છે. અમર્ત્ય સેનના સક્ષમતાના માપદંડો નીચે મુજબ છે

1. રાજકીય સ્વતંત્રતા –રાજકિય પ્રક્રિયામા ભાગીદારી મૂક્ત અભિવ્યક્તિ
2. આર્થિક સુવિધાઓ – વ્યાપાર અને ઉત્પાદકિય ક્ષેત્રોમાં સહભાગી થવાની તકો
3. સામાજિક તકો – શિક્ષણ, સ્વાસ્થ્યની સુવિધાઓ
4. પારદર્શકતા અને ખાત્રી – રાજ્યની નિતિ.
5. સંરક્ષાત્મક સુરક્ષા

રાજકીય સ્વતંત્રતા, આર્થિક સલામતિને ઉત્તેજન આપે છે. સામાજિક તકો આર્થિક સહભાગીતાને વેગ આપે છે. જ્યારે આર્થિક સહભાગીતા જાહેર સંશોધનો દ્વારા સામાજિક સુવિધાઓનું સર્જન કરે છે વિવિધ સ્વરૂપમાં પ્રાપ્ત થતી સ્વતંત્રતાઓ એકબીજા પરિબળને વેગ આપે છે તેથી વ્યક્તિની સક્ષમતાનો વિકાસ શક્ય બને છે અને લોકોના કલ્યાણમાં વધારો થાય છે

## 1.3. અભ્યાસના ઉદ્દેશો:- [Research Objectives]

પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબના ઉદ્દેશો રાખવામાં આવશે

1. સક્ષમતાના સંદર્ભે અમર્ત્ય સેનના વિકાસના અભિગમની પ્રસ્તુતતા જાણવી.
2. સક્ષમતા અને આર્થિક વિકાસ વચ્ચેના સંબંધો તપાસવા.

## 1.4 નિદર્શનની પસંદગી.

ગુજરાત સરકાર દ્વારા 2005માં ગાંધીનગરથી બહાર પાડવામાં આવેલા કેલગી રીપોર્ટના આધારે વિકસીત અને વિકસતા જિલ્લાઓના આધારે આણંદ અને છોટાઉદેપુર જિલ્લાની પસંદગી કરવામાં આવેલી છે. અને આણંદ અને છોટાઉદેપુરના ગામોમાં જનરલ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુંસુચિતજાતિ અને અનુંસુચિત જનજાતિ હોય તેવા ગામોની પસંદગી કરવામાં આવી છે. જેમા જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનોમાં ગરીબીરેખાની ઉપર આવતા, ગરીબીરેખાની નીચે આવતા અને અતિગરીબી ધરાવતા નિર્ણાયકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કુલ ધારકોના આધારે યદચ્છ નિદર્શન પ્રદ્ધતિ દ્વારા એક જિલ્લામાં200 નિદર્શો એમ બે જિલ્લામાંથી400નું નિદર્શન લેવામાં આવેલ છે.

## 1.5.સંશોધન પદ્ધતિ:- [Research Methodology]

પ્રસ્તૃત અભ્યાસ પ્રાથમિક માહિતી દ્વારા કરવામાં આવશે. જે અંતર્ગત ગુજરાત રાજ્યના વિકસિત અને પછાત તાલુકામાં કોલગી રીપોર્ટના આધારે સૌથી વિકસિત તાલુકો આણંદ અને અતિપછાત તાલુકા તરીકે છોટાઉદેપુર તાલુકાની પસંદગી કરી તે તાલુકાના ગામોમાંથી યદચ્છ નિદર્શન પ્રદ્ધતિની રીતે કુટુંબોની નિદર્શ તરીકે પસંદગી કરી પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે.

1.6. સંશોધનમાં માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજયના વસ્તીના આંકડાઓના આધારે સક્ષમતા અને વિકાસને સંબંધિત શિક્ષણ અને સ્વાસ્થય આધારીત પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી ગુજરાત સરકારે પ્રકાશીત કરેલા સ્ત્રોતો માંથી માહિતી મેળવવી, તેમજ ભારત સરકારના પ્રકાશિત અને અર્ધપ્રકાશિત મેગેઝિનો માંથી આંકડાકિય ઉપલ્ધ માહિતી મેળવી, સરકારી વેબસાઈડો, અગાવ થયેલા સંશોધનો અને IBSN માં પ્રકાશિત થયેલા હોય તેવા સ્ત્રોતો માંથી આંકડાકિય માહિતી એકત્રિત કરવામાં આવેલી છે.

ભાગ-2

2.1. ગુજરાત રાજયના જિલ્લાઓનો સાક્ષરતા દર.

પ્રસ્તુત અનુંસુચિમાં ગુજરાત રાજયના ચાર વિકાસ થયો હોય તેવા જિલ્લાઓ અને ચાર જિલ્લા એવા કે જેનો વિકાસ થઈ રહિયો છે તેવા જિલ્લાના ગ્રામિણ અને શહેરી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ કેટલુ છે તે દર્શાવવામાં આવ્યુ છે. જે નીચે દર્શાવેલ અનુસુચી પ્રમાણે છે.

સારણી-નં-2.1.

| જિલ્લો | સાક્ષરતા દર | ગ્રામિણ | શહેરી |
|---|---|---|---|
| વિકસીત જિલ્લાઓ | | | |
| ગાંધીનગર | 84.2 | 81.6 | 87.5 |
| અમદાવાદ | 85.3 | 71.0 | 87.9 |
| રાજકોટ | 81.0 | 74.7 | 85.4 |
| આણંદ | 84.4 | 82.7 | 88.2 |
| વિકસતા જિલ્લાઓ | | | |
| પંચમહાલ | 71.0 | 68.4 | 86.7 |
| દાહોદ | 58.8 | 56.4 | 82.1 |
| વડોદરા (છોટાઉદેપુર) | 78.9 | 67.8 | 89.7 |
| નર્મદા | 72.3 | 70.5 | 87.5 |
| સ્ત્રોત :-census gujarat.gov.in2011 | | | |

પ્રસ્તુત અનુંસુચિમાં ગુજરાત રાજયના વિકસીત જિલ્લાઓ અને વિકસતા જિલ્લાઓ લેવામાં આવ્યા છે જેમા કુલ સાક્ષરતા દર અને ગ્રામિણ અને શહેરી શિક્ષણ વચ્ચોનો દર કેટલો છે તે દર્શાવવામાં આવ્યો છે. વિકસીત જિલ્લાઓની તુલનાએ વિકસતા જિલ્લાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. શહેરી વિસ્તારની તુલનાએ ગ્રામિણ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ છે. જેના કારણે વ્યકતિમાં રહેલી શક્તિઓનો પુર્ણ ઉપયોગ કરી શકતો નથી. જેથી વ્યકતિના વિકાસમાં પણ મર્યાદાઓ જોવા મળે છે. જે આપણે અનુંસુચિમાં દર્શાવેલા આકડાંઓ પરથી ફલિત કરી શકીએ છે.

2.2. આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ

સારણી-નં-2.1.

| ગુજરાતમાં રાજયમાં અને આણંદ, છોટાઉદેપુર જિલ્લામાં શહેરી અને ગ્રામિણ વિસ્તારની તુલનાએ સાક્ષરતા દરનું પ્રમાણ. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | કુલ સાક્ષરતાનું પ્રમાણ | ગ્રામ્ય | શહેરી | સાક્ષરતા દર કુલ | ગ્રામ્ય | શહેરી |
| ગુજરાત | 4,10,93,358 | 2,14,20,842 | 1,96,72,216 | 78.00 | 71.70 | 86.30 |
| આણંદ | 15,51,253 | 10,53,110 | 4,98,143 | 84.40 | 82.70 | 88.20 |
| વડોદરા | 28,93,080 | 12,28,608 | 16,64,472 | 78.90 | 67.80 | 89.70 |
| સ્ત્રોત :-census gujarat.gov.in2011 | | | | | | |

ગુજરાત રાજયમાં ગ્રામિણ અને શહેરી વિસ્તારની તુલનામાં શિક્ષણનું પ્રમાણ ગ્રામિણ67.80 ટકા અને શહેરી 89.70 ટકા છે એજ પ્રમાણે આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામિણ અને શહેરી વિસ્તારના શિક્ષણના પ્રમાણમાં તફાવત જોવા મળે છે જે ઉપરોકત સારણી પરથી સાબિત કરી શકાય છે.

## ભાગ-3

### 3.1. સક્ષમતાના સંદર્ભે અમર્ત્ય સેનના વિકાસના અભિગમની પ્રસ્તુતા જાણવી.

(માનવમૂડીરોકાણના સંદર્ભે સક્ષમતા અને આર્થિક વિકસ)

માનવ મૂડી અંગે પ્રો. શુલ્ટ્ઝ, પ્રો. સાયમન-કુઝનેટ્સ પ્રો. વિયોન્ટીફ, પ્રો.મોરિસ જેવા અર્થસાસ્રીઓના ખ્યાલ મુજબ કોઈ પણ દેશની આર્થિક પ્રગતિ અને વિકાસ માટેની ક્ષમતા નક્કી કરનારા જે પરિબળો છે તેમાં માનવ સંસાધન (મૂડી) ને અત્યંત મહત્તવનું અને નિર્ણાયક પરિબળ ગણવામાં આવે છે. રાષ્ટ્ર પાસે ગમે તેટલી વિપુલ સાધન-સંપતિ હોય પરંતુ આ સંપત્તિનો ઉત્પાદકીય રીતે ઉપયોગ કરી શકે અને એ સંપત્તિને વિવિધ સેવાઓમાં ઉપયોગી થય શકે છે. માનવ પરિબળ સક્ષમ નહિ હોય તો એ દેશ ઝડપી આર્થિક વિકાસ અને સામાજિક પ્રગતિ સાધી સાધી શકે નહી. માનવ સંસાધનમાં સુધારો કરવા માટે શિક્ષણ, આરોગ્ય જેવી સેવાઓનો વિકાસ કરવાથી અર્થતંત્રની ઉત્પાદકતામાં વધારો કરી શકાય છે. વિકાસ અને કાયક્ષમતા માટે માનવ મૂડી અગત્યનું પરિબળ ગણાવી શકાય છે. માનવ મૂડીમાં વ્યક્તિની કુશળતા, જ્ઞાન, વ્યક્તિની ગુણવત્તા, લાયકાત, જેવા હકારાત્મક પરિબળોનો સમાવેશ થાય છે. આ પરિબળો સાથે જીવનની કેળવણી, વ્યક્તિ અને વ્યક્તિઓનો સમૂહ તેની પ્રાપ્તી દ્વારા સમાજમાં આર્થિક, સામાજિક, સાસ્કૃતિક, ધાર્મિક તથા અન્ય ક્ષેત્રે બજાર આધારીત પરિબળો અંતર્ગત વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન કરવામાં અસરકારક ઉપયોગ કરીને પોતાના શ્રમના બદલામાં આવક મેળવવાનો પ્રયત્ન કરે છે.જે દેશમાં માનવમૂડીની ઉત્પાદકીય કાર્યક્ષમતા અધિક તે દેશમાં આર્થિક વિકાસ અધિક ઝડપી સાધી શકાય છે. (બી. કે. ભટ્ટ. (2011-12) *સામાજીક ક્ષેત્રનું અર્થતંત્ર*, ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત.**pp**- 17.)

#### 3.1.1. આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનો ખાદ્ય વસ્તુ પાછળનો માસિક ખર્ચઅંગેની માહિતી

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનો ખાદ્ય વસ્તુઓ પાછળનો માસિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે જેમાં આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખાદ્ય વસ્તુ પાછળના ખર્ચનો તફાવત નીચેની સારણી અને આલેખ પરથી ફલિત કરી શકાય છે.

સારણી-નં- 3.1.1.

| જિલ્લો | ખાદ્ય વસ્તુ પાછળનો માસિક ખર્ચ | | | | કુલ |
|---|---|---|---|---|---|
| | 500 થી 1600 | 2000 થી 5000 | 6000 થી 13000 | 15000 થી 20000 | |
| આણંદ (ટકા) | 44 (22.0) | 41 (20.5) | 25 (12.5) | 90 (45.0) | 200 (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 61 (30.5) | 57 (28.5) | 73 (36.5) | 09 (4.5) | 200 (100.0) |
| આણંદ અનેછોટાઉદેપુરના કુલકુટુંબો(ટકા) | 105 (26.25) | 98 (24.5) | 98 (24.5) | 99 (24.75) | 400 (100.0) |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખાદ્ય વસ્તુ પાછળનોં માસિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. ઓછામાં ઓછો 500 થી 1600 રૂપિયા ખાદ્ય વસ્તુ પાછળ માસિક ખર્ચ કરતા હોય તેવા આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુલ કુટુંબો 26.25 ટકા છે આણંદ જિલ્લામાં 22.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 30.5 ટકા કુટુંબો ખાદ્ય વસ્તુ પાછળ500 થી 1600 રૂપિયા માસિક ખર્ચ કરે છે. અને સૌથી વધારે ખાદ્ય વસ્તુ પાછળ માસિક 15000 થી 20000 ખર્ચ કરતા હોય તેવા આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કુલ 24.72 ટકા કુટુંબો છે જેમાં આણંદ જિલ્લામાં 45.0 ટકા અને

છોટાઉદેપુર જિલ્લામાં 4.5 ટકા કુટુંબો ખાદ્ય વસ્તુ પાછળ માસિક ખર્ચ કરે છે. સારણી પરથી સાબિત કરી શકાય છે કે આણંદ જેવા વિકસીત વિસ્તારની તુલનામાં છોટાઉદેપુર જેવા પછાત વિસ્તારમાંમાનવમૂડીરોકાણનો ખાદ્ય વસ્તુ પાછળનોં ખર્ચ ઓછુ હોય છે.

3.1.2.:- આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનો શિક્ષણ પાછળનો માસિક ખર્ચ

આણંદ અને છોટાઉદેપુરની સારણીમાં આણંદ જિલ્લાના અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબો કૌટુંબિક સભ્યો પાછળ કરતા માસિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. *શિક્ષણમાં આર્થિક વિકાસના ફાળા અંગે ડેનિસન, શુલ્ટ્ઝ, ફગર, હિક્સ, વ્હીલર, સેકેરોપોઉલસ અને મેરિસ જેવા અનેક નામાંકિત સંશોધનકારોએ અનુભવાશ્રિત અભ્યાસો કર્યા છે. કે શિક્ષણ પાછળ ખર્ચ કરવાથી માનવમૂડીની ગુણવત્તા સુધરે છે અને તેનો ઉત્પાદનમાં ફાળો વધે છે એ હકીકતને હવે કોઈ અવગણી શકે તેમ નથી. શિક્ષણથી માત્ર વ્યક્તિને જ નહી, સમાજને પણ લાભ થાય છે. અને સમાજને થતા બધા જ માપી શકાય તેવા હોતા નથી શિક્ષણના ચોખ્ખા લાભને માપવા માટે વ્યક્તિના જીવનકાળ દરમિયાન ઉત્પાદનમાં થયેલા વધારા અને શિક્ષણમાં થતા સુધારાને લક્ષમાં લેવામાં આવે છે. શિક્ષણ પાછળના ખર્ચમાં શિક્ષકોના પગારો, મકાનો અને સાધન સામગ્રી પાછળ થતો ખર્ચ અને શિક્ષણના સમયગાળા દરમિયાન ત્યજાયેલ ઉત્પાદનનો સમાવેશ થાય છે. શિક્ષણના સામાજીક વળતરનો દર Social Rete Of Return)ની ગણતરીમાં સમાજને થતા લાભને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. *(રમેશ.બી શાહ & એચ .કેત્રિવેદી (2004)*. વિકાસશીલરાષ્ટ્રોનુંઅર્થશાસ્ત્ર અમદાવાદ, ગુજરાતરાજય : યુનિવર્સિટીગ્રંથનિર્માણબોર્ડ)

સારણી-નં- 3.1.2.

| આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનો શિક્ષણ પાછળનો માસિક ખર્ચ | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લો | શિક્ષણ પાછળનો માસિક ખર્ચ | | | | કુલ |
| | 200 થી 700 | 800 થી 1500 | 2000 થી 4000 | 5000 થી 10000 | |
| આણંદ (ટકા) | 12 (6.0) | 16 (8.0) | 80 (40.0) | 92 (46.0) | 200 (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 92 (46.2) | 55 (27.6) | 49 (24.6) | 03 (1.5) | 200 (100.0) |
| આણંદ અનેછોટાઉદેપુરના કુલકુટુંબો(ટકા) | 104 (26.0) | 71 (17.75) | 129 (32.25) | 95 (23.75) | 400 (100.0) |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનું માનવમૂડીરોકાણ તરીકે શિક્ષણ પાછળના ખર્ચ આણંદ જિલ્લામાં5000 થી 10000 રૂપિયાનું માસિક ખર્ચ કરતા 46.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 1.5 ટકા કુટુંબો છે. જયારે 200 થી 700 રૂપિયા સુધી શિક્ષણ પાછળ ખર્ચ આણંદ જિલ્લામાં 6.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 46.2 ટકા શિક્ષણ પાછળ ખર્ચ કરતા કુટુંબો છે. આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના માનવમૂડીરાકાણ પાછળનું ખર્ચ છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લામાં વધારે છે.

3.1.3..:-આણંદ અને છોટાઉદેપુર જિલ્લાનાકુટુંબોનો સ્વાસ્થય પાછળનો માસિક ખર્ચનું પ્રમાણ

આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં સ્વાસ્થય પાછળ કરવામાં આવતુ માસિક ખર્ચ સારણીમાં દર્શાવવામાં આવ્યુ છે. *શિક્ષણ, સ્વાસ્થય, તાલીમ અને સ્ત્રી-પુરૂષોના સ્થળાંતર (Migration) પાછળ થતો ખર્ચ માનવમૂડીના સર્જન માટે થતો ખર્ચ ગણાય છે આ પ્રકારનો ખર્ચ ઉપભોગખર્ચ નહિ પણ મૂડીરોકાણખર્ચ છે, જે આવકના ભાવિ પ્રવાહમાં વૃદ્ધિ લાવે છે. આ ખર્ચથી માનવમૂડીનું સર્જન અને વૃદ્ધિ થાય છે. કોઈ એક વ્યક્તિ કે સરકાર સ્વાસ્થય સુધારવા માટે ખર્ચ કરે અને ખર્ચને પરીણામે આવક વધે તો તે ખર્ચ માનવમૂડીના સર્જન માટે થયેલું ગણાય છે*(રમેશ.બી શાહ& એચ.કેત્રિવેદી. (2004)*. વિકાસશીલરાષ્ટ્રોનુંઅર્થશાસ્ત્રઅમદાવાદ, ગુજરાતરાજય : યુનિવર્સિટીગ્રંથનિર્માણબોર્ડ-pp-109.)

સારણી-નં- 3.1.3.

| આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનો સ્વાસ્થય પાછળનો માસિક ખર્ચ | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લો | સ્વાસ્થય પાછળનો માસિક ખર્ચ | | | | કુલ |
| | 200 થી 700 | 900 થી 1500 | 2000 થી 4000 | 5000 થી 12000 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| આણંદ (ટકા) | 11 (5.5) | 21 (10.5) | 69 (34.5) | 99 (49.5) | 200 (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 94 (47.0) | 65 (32.5) | 15 (7.5) | 26 (13.0) | 200 (100.0) |
| આણંદ અનેછોટાઉદેપુરના કુલકુટુંબો(ટકા) | 105 (26.25) | 86 (21.5) | 84 (21.0) | 125 (31.25) | 400 (100.0) |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં માનવમૂડીરોકાણ તરીકેના સ્વાસ્થય પાછળનો માસિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. ઓછામાં ઓછું200 થી700 રૂપિયા સ્વાસ્થય પાછળ માસિક ખર્ચ કરતા હોય તેવા આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુલ કુટુંબો26.25 ટકા છે આણંદ જિલ્લામાં 5.5 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં47.0 ટકા કુટુંબો સ્વાસ્થય પાછળ 200 થી 700 રૂપિયા માસિક ખર્ચ કરે છે. અને સૌથી વધારે સ્વાસ્થય પાછળ માસિક 5000 થી 12000 ખર્ચ કરતા હોય તેવા આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કુલ 31.25 ટકા કુટુંબો છે જેમાં આણંદ જિલ્લામાં 49.5 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 13.0 ટકા કુટુંબો સ્વાસ્થય પાછળ માસિક ખર્ચ કરે છે. સારણી પરથી સાબિત કરી શકાય છે કે આણંદ જેવા વિકસીત વિસ્તારની તુલનામાં છોટાઉદેપુર જેવા પછાત વિસ્તારમાં માનવમૂડીરોકાણ તરીકે સ્વાસ્થય પાછળનું ખર્ચ ઓછું હોય છે.

3.1.4.:-આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનો સામાજિકક્ષેત્ર પાછળનો માસિક ખર્ચનું પ્રમાણ.

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોનું સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ માસિક કરવામાં આવતુ ખર્ચ દર્શાવવામાં આવ્યુ છે જે નીચે સારણી પ્રમાણે છે.

સારણી-નં- 3.1.4.

| જિલ્લો | સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળનો માસિક ખર્ચ | | | | કુલ |
|---|---|---|---|---|---|
| | 200 થી 2100 | 2500 થી 5000 | 5400 થી 9000 | 10000 થી 50000 | |
| આણંદ (ટકા) | 35 (17.5) | 38 (19.0) | 51 (25.5) | 76 (38.0) | 200 (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 68 (34.0) | 77 (38.5) | 17 (8.5) | 38 (19.0) | 200 (100.0) |
| આણંદ અનેછોટાઉદેપુરના કુલકુટુંબો(ટકા) | 103 (25.75) | 115 (28.75) | 68 (17.0) | 114 (28.5) | 400 (100.0) |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળનોં માસિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. ઓછામાં ઓછે200 થી 2100 રૂપિયા સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ માસિક ખર્ચ કરતા હોય તેવા આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુલ કુટુંબો25.27 ટકા છે આણંદ જિલ્લામાં 17.5 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 34.0 ટકા કુટુંબો સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ 200 થી 2100 રૂપિયા માસિક ખર્ચ કરે છે. અને સૌથી વધારે સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ માસિક10000 થી 50000 ખર્ચ કરતા હોય તેવા આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કુલ 28.5 ટકા કુટુંબો છે જેમાં આણંદ જિલ્લામાં 38.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 19.0 ટકા કુટુંબો સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ માસિક ખર્ચ કરે છે. સારણી પરથી સાબિત કરી શકાય છે કે આણંદ જેવા વિકસીત વિસ્તારની તુલનામાં છોટાઉદેપુર જેવા પછાત વિસ્તારમાં સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળનું ખર્ચ ઓછું હોય છે આ ખર્ચના કારણે જાણી શકાય છે કે છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લાના કુટુંબોની સક્ષમતા અને વિકાસ વધુ છે.

3.2. સક્ષમતા અને આર્થિક વિકાસ વચ્ચેનો સબંધ તપાસવો.

3.2.1.:- આણદ જિલ્લાના કુટુંબોના કૌટુંબિક સભ્યોનુ શિક્ષણ

આણદ જિલ્લાના કુટુંબોના કૌટુંબિક સભ્યોનુ શિક્ષણદર્શાવવામાં આવ્યુ છે જેમાં નિરક્ષર, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને કોલેજ સુધીનું શિક્ષણ દર્શાવવામાં આવેલ છે જે નીચેની સારણી પ્રમાણે છે.

સારણી-નં- 3.2.1.

| આણંદ અને છોટાઉદેપુર જિલ્લાનાકુટુંબોના કૌટુંબિક સભ્યોનુ શિક્ષણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | કૌટુંબિક સભ્યોનુ શિક્ષણ | | | | | કુલ |
| જિલ્લો | નિરક્ષણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ માધ્યમિક | કોલેજ | |
| આણંદ(ટકા) | 16.0 | 29.0 | 25.9 | 11.0 | 18.2 | (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 26.0 | 35.3 | 25.6 | 6.4 | 6.7 | (100.0) |
| કુલ(ટકા) | 20.8 | 32.0 | 25.7 | 8.8 | 12.7 | (100.0) |
| સ્ત્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કૌટુંબિક સભ્યોનું શિક્ષણનું પ્રમાણ દર્શાવવામાં આવ્યુ છે નિરક્ષરતાનું પ્રમાણ આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં 28.0 ટકા છે. જે આણંદ જિલ્લામાં 16.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 26.0 ટકા છે આણંદ જિલ્લાની તુલનામાં છોટાઉદેપુર જિલ્લામાં 10.0 ટકા કૌટુંબિક સભ્યોમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે છે. આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કોલેજમાં અભ્યાસ કરતા 12.7 ટકા કૌટુંબિક સભ્યો છે જે આણંદ જિલ્લામાં 18.2 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 6.7 ટકા છે છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લામાં કોલેજમાં અભ્યાસ કરતા 11.5 ટકા કૌટુંબિક સભ્યોનું પ્રમાણ વધારે છે જે સક્ષમતા અને વિકાસને અસર કરતુ પરીબળ ગણાવી શકાય છે.

3.2.2. :-આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબો બેંકનો ઉપયોગ

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાનાકુટુંબોનો બેંકનો ઉપયોગ કયા પ્રકારનો કરે છે જે વિસ્તારમાં બેંકનો ઉપયોગ વધારે કરતા હોય તેવા વિસ્તારમાં વિકાસનો દર પણ ઉચો જોવા મળે છે. તે નીચે પ્રમાણે સારણી પ્રમાણે છે

સારણી-નં- 3.2.2.

| આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબો બેંકનો ઉપયોગ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | બેંકનો ઉપયોગ | | | | | કુલ |
| | બેંકનો ઉપયોગ કરો છો. | | કયા કામ માટે બેંકનો ઉપયોગ કરે છે. | | | |
| | હા | ના | બેંકનો ઉપયોગ કરતા નથી. | બચત | લોન | |
| આણંદ (ટકા) | 189 (94.5) | 11 (5.5) | 19 (9.6) | 135 (68.5) | 44 (22.2) | 200 (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 157 (78.5) | 43 (21.5) | 27 (13.5) | 56 (28.0) | 117 (58.5) | 200 (100.0) |
| આણંદ અનેછોટાઉદેપુરના કુલકુટુંબો(ટકા) | 346 (86.5) | 54 (13.5) | 46 (11.5) | 191 (47.75) | 161 (40.25) | 400 (100.0) |
| સ્ત્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં બેંકનો ઉપયોગ કરતા હોય તેવા કુલ કુટુંબો 86.5 ટકા છે. આણંદ જિલ્લામાં 94.5 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 78.5 ટકા બેંકનો ઉપયોગ કરતા કુટુંબો છે. બેંકનો ઉપયોગ કરતા ન હોય તેવા આણંદ જિલ્લામાં 9.6 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 13.5 ટકા કુટુંબો છે. બચત માટે બેંકનો ઉપયોગ કરતા હોય તેવા આણંદ જિલ્લામાં 68.5 ટકા અને 28.0 ટકા કુટુંબો છે અને લોન માટે બેંકનો ઉપયોગ કરતા હોય તેવા આણંદ જિલ્લામાં 22.2 ટકા અને છોટાઉદેપુર જિલ્લાના 58.5 ટકા કુટુંબો છે. સારણી પરથી સાબિત કરી શકાય છે કે આણંદ જિલ્લામાં બચત માટે બેંકનો ઉપયોગ કરતા અને છોટાઉદેપુર જિલ્લામાં લોન માટે બેંકનો ઉપયોગ કરતા કુટુંબો વધારે છે. જે વિકસીત અને વિકસતા જિલ્લાની સામ્યતા છે.

3.2.3.:- આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોના બાળકોના શિક્ષણના પ્રશ્નો.

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોના બાળકોને ભણવાની પુરતી તક મળે છે કે નહી અને બાળકને ખાનગી કે સરકારી શાળામાં ભણાવો જેવા પ્રશ્નો નીચેની સારણીમાં દર્શાવવામાં આવ્યા છે.

સારણી-નં- 3.2.3.

આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબોના બાળકોના શિક્ષણના પ્રશ્નો.

| જિલ્લો | બાળકોના શિક્ષણના પ્રશ્નો. | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | તમારા બાળકને ભણાવાની તક મળે છે. | | | તમારા બાળકને સરકારી શાળા કે ખાનગી શાળામાં ભણાવો છો. | | | |
| | ઉત્તર મળેલ નથી. | હા | ના | ઉત્તર મળેલ નથી. | સરકારી | ખાનગી | |
| આણંદ (ટકા) | 03 (1.5) | 192 (96.0) | 05 (2.5) | 03 (1.5) | 122 (61.0) | 75 (37.5) | 200 (100.0) |
| છોટાઉદેપુર (ટકા) | 15 (7.5) | 176 (88.0) | 09 (4.5) | 00 | 157 (78.5) | 43 (21.5) | 200 (100.0) |
| આણંદ અનેછોટાઉદેપુરના કુલકુટુંબો(ટકા) | 18 (4.5) | 368 (92.0) | 14 (3.5) | 03 (0.75) | 279 (69.75) | 118 (29.5) | 400 (100.0) |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | | | |

આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કુટુંબોના બાળકોને સપૂર્ણ ભણાવાની તક મળતી હોય તેવા કુલ 92.0 ટકા કુટુંબો છે જેમાં આણંદ જિલ્લામાં 96.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 88.0 ટકા કુટુંબોના બાળકોને ભણાવવાની સપૂર્ણ તક મળે છે. આણંદ જિલ્લાની જિલ્લામાંતુલનામાં છોટાઉદેપુર 17.5 ટકા કુટુંબો સરકારી શાળા અભ્યાસ કરાવતા કુટુંબો વધારે છે જયારે ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લામાં16.0 ટકા કુટુંબો ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા કુટુંબો વધારે છે. જે સક્ષમતા અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત ગણાવી શકાય છે.

4.1.સંશોધન અભ્યાસના તારણો.

(માનવમૂડીરોકાણના સંદંભે)

1. ખાદ્ય વસ્તુ પાછળ 15000 થી 20000 રૂપિયાનો ખર્ચ કરતા આણંદ જિલ્લામાં 45.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 6000 થી 13000 રૂપિયા વચ્ચે ખર્ચ કરતા 36.5 ટકા કુટુંબોનું પ્રમાણ વધારે છે.
2. શિક્ષણ પાછળ 5000થી 10000રૂપિયાનો ખર્ચ કરતા આણંદ જિલ્લામાં 46.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 6000 થી 13000 રૂપિયા વચ્ચે ખર્ચ કરતા 40.0 ટકા કુટુંબોનું પ્રમાણ વધારે છે. છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લામાં માનવમૂડીરોકાણ તરીકે ખર્ચનું પ્રમાણ વધારે છે.

3. સ્વાસ્થય પાછળ 5000થી 12000 રૂપિયાનો ખર્ચ કરતા આણંદ જિલ્લામાં 49.5 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 900થી 1500રૂપિયા વચ્ચે ખર્ચ કરતા 32.5 ટકા કુટુંબોનું પ્રમાણ વધારે છે. છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લામાં માનવમૂડીરોકાણ તરીકે ખર્ચનું પ્રમાણ વધારે છે.
4. સામાજિક અને ધાર્મિક પ્રસંગો પાછળ 10000 થી 50000 રૂપિયાનો ખર્ચ કરતા આણંદ જિલ્લામાં 38.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 900થી 1500રૂપિયા વચ્ચે ખર્ચ કરતા 32.5 ટકા કુટુંબોનું પ્રમાણ વધારે છે. છોટાઉદેપુર જિલ્લાની તુલનામાં આણંદ જિલ્લામાં માનવમૂડીરોકાણ તરીકે ખર્ચનું પ્રમાણ વધારે છે.

(સક્ષમતા અને આર્થિક વિકાસ સંદર્ભે)

1. આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના કૌટુંબિક સભ્યોનું શિક્ષણનુંપ્રમાણ આણંદ જિલ્લામાં 11.0ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 6.4 ટકા ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતા કૌટુંબિક સભ્યો છે. જયારે કોલેજમાં અભ્યાસ કરતા આણંદ જિલ્લામાં18.2 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 6.7 ટકા કૌટુંબિક સભ્યો છે જે આણંદ જિલ્લાની તુલનામાં છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ ઓછુ છે.
2. આણંદ જિલ્લામાં બેંકનો ઉપયોગ કરતા હોય તેવા 94.5 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 78.5 ટકા કુટુંબોનું પ્રમાણ છે જેમાં આણંદ જિલ્લાના કુટુંબો બચત માટે અને છોટાઉદેપુર જિલ્લાના કુટુંબો લોન માટે બેંકનો ઉપયોગ કરતા કુટુંબો છે.
3. આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં બાળકોને સપૂર્ણ ભણાવાની તક મળતી હોય આણંદ જિલ્લામાં 96.0 ટકા અને છોટાઉદેપુર જિલ્લામાં 88.0 ટકા કુટુંબો છે. આણંદ અને છોટાઉદેપુર જિલ્લાની તુલના કરતા આણંદ જિલ્લામાં ખાનગી શાળામાં અભ્યાસ કરતા અને છોટાઉદેપુર જિલ્લામાં ખાનગીશાળામાં અભ્યાસ કરતા કુટુંબોના બાળકો વધારે છે.

5.1. સક્ષમતા અને વિકાસના પડકારો.

અમર્ત્ય સેનનું અર્થશાસ્ત્ર બૃહદ સ્વરૂપમાં વિકાસ અને કલ્યાણનું અર્થશાસ્ત્ર છે. જેમ ગાંધીવિચારનો સંદર્ભ 'છેવાડાનો માનવી'રહ્યો છે. તેમ અમર્ત્ય સેનનાં વિચારોનો સંદર્ભ પણ 'છેવાડાનો માનવી'જ છે. ગાંધી પાયાની જરૂરિયાતોને મહત્વની ગણે છે . જ્યારે અમર્ત્ય સેન ક્ષમતાઓનો નિર્માણના સંદર્ભમાં પાયાની જરૂરિયાતને સ્વીકારે છે.સક્ષમતા વિકાસમાં આણંદ અને છોટાઉદેપુરમાં અમર્ત્ય સેનના માપદંડોને આધારે જોતા આણંદ જિલ્લામાં માનવમૂડીરોકાણનું પમાણ ઉંચુ છે અને આણંદ જિલ્લામાં સક્ષમતા અને વિકાસ માટેની તકોનું પ્રમાણ વધારે છે. આર્થિક વિકાસને અસર કરતા પરીબળોમાં આણંદ જિલ્લાની તુલનામાં છોટાઉદેપુરમાં સક્ષમતા અને વિકાસને અસર કરતા પરીબળો ઓછા કાર્યક્ષમ હોવાના કારણે બંન્ને જિલ્લાઓ વચ્ચે સામ્યતા જોવા મળેછે. છોટાઉદેપુર જિલ્લામાં નીચું માનવમૂડીરોકાણ અને સક્ષમતા અને વિકાસની તકોનું પ્રણાણ ઓછું હોવાથી વિકસતા કુટુંબોનું પ્રમાણ વધુ છે. છોટાઉદેપુર જેવા વિકસતા વિસ્તારના કુટુંબોની મર્યાદિત જરૂરીયાતો સરળતાથી મેળવી શકવાની ક્ષમતા વધે તો આવા અંતરીયાળ ગામોમાં પણ અમર્ત્ય સેન માપદંડો પ્રમાણે વિકાસની ગતિ તરફ લઈ જઈ શકાય તેમ છે.

5.6. સારાશં.

અમર્ત્ય સેન ના માપદંડોના આધારે તેમાથી બે માપંદડો લઈને તૈયાર કરવામાં આવેલા આ સંશોધન અભ્યાસમાં વિકસીત અને વિસકતા જતા જિલ્લામાં શિક્ષણ, માનવમુડી રોકાણ અને કુટુંબોને આર્થિક વિકાસ અને સક્ષમતાના વિકાસ માટેની તકોના આધારે સાબિત કરતા જોવા મળે છે કે વિકસીત અને વિકસતા જિલ્લાઓમાં માધ્યમિક, ઉચ્ચમાદ્યમિક, અનેકોલેજમાંઅભ્યાસ કરતા કુટુંબોના કૌટુબિક સભ્યોનું શિક્ષણ અને માનવમૂડીરોકાણ વચ્ચે તફાવત જોવા મળે છે.આણંદ અને છોટાઉદેપુર જિલ્લાના માનવમૂડીરોકાણ અને આર્થિક વિકાસની તકો મેળવવામાં સામ્યતાઓ જોવા મળે છે જેની રજુઆત સંશોધન અભ્યાસમાં કરવામાં આવેલી છે.

## REFERENCES

1. Vidhut Joshi. (2009). Philosophy tribal development. Ahmedabad, Gujarat: Navjivan Publications.
2. Shyam Krishna Mishra (August 5, 2016)18Human Capital Report, 2016Current Affairs, Agra.
3. Agarwal Bina. (2001). A Gender Analysis Of Community Foresty Groups Bina Agarwal. Retrieved JUn Tusday, 2016, from www3.qeh.ox.ac.uk/pdf/qehwp/qehwps76.pdf.
4. amrtyasen. (n.d.). Retrieved Aprial monday, 2016, from www.wikipedia.org.
5. owlagi V.R.S. (2005). THE COMMTTEE TO STUDY BACKWARDNESS OF TALUKAS OF. GANGHINAGAR
6. Nussbaum Mc. (2012). Creating Capabilities-Univarsity of the Free State. Retrieved May monday, 2016, from https://apps.ufs.ac.za/media/.../2012_12_10_Martha_Nussbaum_UFS_December_2012.pdf

7. Arcavahini. (1999). Recovered from overcrowded 21st century, we should say now-Sen amartaya? Arcavahini.Magrol, Gujarat.
8. Khakhar.K. K. (2012). Sen paripreksyaamatya development economics. Gujarat Vidyapith Ahmedabad,: Peace Research Center.
9. રમેશ.બી શાહ& એચ.કેત્રિવેદી (2004). વિકાસશીલરાષ્ટ્રોનુંઅર્થશાસ્ત્રઅમદાવાદ, ગુજરાતરાજય: યુનિવર્સિટીગ્રંથનિર્માણબોર્ડ.
10. બી. કે. ભટ્ટ. (2011-12)સામાજીક ક્ષેત્રનું અર્થતંત્ર, ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરતpp- 17.